# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૯ તા.૧૧-૦૬-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નોવેલ કોરોના વાયરસ સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાઓ બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન પરિપત્ર નં.૧૩ તા.૧૦-૦૬-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોવેલ કોરોના વાયરસની મહામારીના નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાઓ અંતર્ગત બધા જ કર્મચારી અને શિક્ષકોએ કામના સ્થળે ફરજિયાતપણે માસ્ક / ફેસકવર પહેરવાનું રહેશે. જો કામના સ્થળે કર્મચારી અને શિક્ષકોએ માસ્ક / ફેસકવર પહેરેલ નહી હોય તો તેઓની પાસેથી રૂ.૨૦૦/- દંડ પેટે વસુલવાના રહેશે તેમજ ખાતાકીય રાહે પગલાં લેવાના રહેશે.

કોન્ટ્રાકટ કે આઉટ સોર્સીંગથી ફરજ બજાવતા કર્મચારીઓએ પણ કામના સ્થળે ફરજિયાતપણે માસ્ક / ફેસકવર પહેરવાનું રહેશે. શાળામાં આવતા વાલીઓને પણ માસ્ક / ફેસકવર પહેરીને જ પ્રવેશ આપવાનો રહેશે.

ઓફિસ / શાળાની પ્રિમાઈસીસમાં થુંકવા તેમજ ગુટકા, તમાકુ વગેરે ખાતા પકડાય તો તેમજ સોશીયલ ડીસ્ટન્સનું પાલન ન કરનાર સંબંધિત પાસેથી દંડ વસુલ કરી ઓફિસ સાથે પર્રામર્શ કરી જમા કરાવવાના રહેશે.

બિડાણ :- અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન પરિપત્ર નં.૧૩ તા.૧૦-૦૬-૨૦૨૦

તા.૧૧-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મ્યુનિસિપલ કમિશનરશ્રી ની સેન્ટ્રલ ઓફીસ

સરદાર પટેલ ભવન , દાણાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**પરિપત્ર નં:- ૧૩ તા. ૧૦/૦૬/૨૦૨૦**

---

વિષય : નોવેલ કોરોના વાઈરસ (Covid – 19) સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત

આથી ઝોનલ ઓફીસ સહીત તમામ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી, આસી મ્યુનિસિપલ કમિશનરશ્રી તથા ખાતાના વડા અધિકારીશ્રીઓને તથા તમામ કર્મચારીઓને જણાવવામા આવે છે કે બધા કર્મચારીઓએ કામના સ્થળે ફરજીયાત પણે માસ્ક / Face Cover પહેરવાનુ રહેશે. જો કામના સ્થળે કર્મચારીએ માસ્ક / Face Cover પહેરેલ નહી હોય તો તેઓ પાસેથી રૂ.૨૦૦/- દંડ તેમજ ખાતાકીય રાહે પગલા લેવામા આવશે.

વધુમા જે ખાતામા કોન્ટ્રાકટથી કે આઉટસોસીગથી ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓએ પણ કામના સ્થળે ફરજીયાત પણે માસ્ક / Face Cover પહેરવાનુ રહેશે. જો કામના સ્થળે કર્મચારીએ માસ્ક / Face Cover પહેરેલ નહી હોય તો તેઓ પાસેથી રૂ.૨૦૦/- દંડ તેમજ જે આઉટસોસીગ સંસ્થા / કોન્ટાકટરને પેનલ્ટી કરવામા આવશે.

ઓફીસ પ્રિમાઈસીસમા થૂંકતા તેમજ ગુટકા, તમાકુ, વગેરે ઓફીસમા ખાતા પકડાય તો તેમજ સોશીયલ ડીસ્ટન્સનું પાલન ન કરનાર સંબધિત પાસેથી દંડ ખાતાના અધિકારીશ્રીએ વસૂલ કરી નાણાંખાતાના પરામર્શમા જમા કરાવવાનો રહેશે.

આ સરક્યુલરનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

સહી : મુકેશકુમાર

મ્યુનિસિપલ કમિશનર